R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 12 MARCH - 2015

**ये मेरा इन्डीया**

**I Love my India**



**जो हमसे टकरायेगा**

**मिट्टी मे मिल जायेगा**



East or West

India is The Best



## ICC CRICKET WORLD CUP 2015







**Best of Luck**

**TO THE INDIAN CRICKET TEAM**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# જ્યોતિપુંજ માટેની જાહેરાતના નવા ભાવ નીચે મુજબ રહેશે.

| Page | Monthly | Yearly |
|---|---|---|
| Full Page | 1200 | 9000 |
| Half Page | 800 | 6000 |
| Quater Page | 600 | 3600 |
| 3rd Cover Page | | 14000 |
| 4th Cover Page | | 16000 |

**વિગત લેવા બાબતના સરનામાં**

**નીચે જણાવેલ સરનામાં પર જ જ્યોતિપુંજમાં છાપવા માટેની વિગતો મોકલાવવી.**

**અન્ય કોઈ જગ્યા અથવા કોઈ વ્યક્તિને આપવામાં આવેલી વિગત ન છપાઈ તો સંસ્થા જવાબદાર રહેશે નહીં.**

**ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલી વિગત બાબત તંત્રી સાથે તે કન્ફર્મ કરવા વિનંતી.**

(૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ**

(૨) **બંકિમ પરીખની ઓફીસ, મેસર્સ ડાયમંડ ઈલેકટ્રીક કંપની :** ઈ/૨૧ બી, નિરવમેન્શન, ૨જે માળે, ભાંગવાડી, કાલબાદેવી, મુંબઈ - ૨. Email: bankimparikh@ymail.com, Mob: 09820434322 (o) 22059601

(૩) **શૈલેશ ટુલ્સ અને હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૩, (ઓ.) ૨૩૪૦૦૫૦૨

**અન્ય બાબત**

૧) પોસ્ટેજ માટે હવેથી દરેકના નામ સરનામાના સ્ટીકર જ્યોતિપુંજના લાસ્ટ કવર પેજ પર લગાવવામાં આવશે. મે. અનુકુલ સિલેક્શન સાથે સમજુતી થયા મુજબ તેની જાહેરાતમાંથી નીચેની ૨ ઈંચ જગ્યા વાપરવામાં આવશે.

૨) દરેક મહિનાના ૧૫ પાના પર નામ સાથે હાર્દિક શુભેચ્છા લખેલી પટ્ટી છાપવી આ માટે તે પાના પર નીચે અર્ધો ઈંચની જગ્યા ફાળવવામાં આવશે. તે માટે વાર્ષિક રૂપિયા ૨૦૦૦/- ચુકવવાના રહેશે.
**સંપર્ક : (૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ (૨) બંકિમ રજનીકાન્ત પરીખ - ૦૯૮૨૦૪૩૪૩૨૨**

**વહેલો તે પહેલો ધોરણે નામ સ્વીકારવામાં આવશે.**

૩) જ્યોતિપુંજની પેપર ક્વોલીટી બાબત
નવી પેપર ક્વોલીટી પ્રમાણે દર મહિને રૂા. ૨૦૦૦ વધારાનો ખર્ચ થશે.

૪) તંત્રી મંડળના અન્ય નવા મેમ્બર - (૧) પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ષ્પારેખ)

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૧૨ | ૨૧-૦૩-૨૦૧૫ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# એચ આઈ વી / એઈડ્સ

### HIV / AIDS એટલે જીવનનો અંત નહીં!!

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

આ રોગ ને સરળ ભાષામાં સવાલ-જવાબ દ્વારા આપણે સમજીશું.

**સ : વ્યક્તિને HIV / AIDS રોગ થયો છે એટલે કેવી બિમારી ?**

જ : HIV / AIDS એટલે જટિલ અસાધ્ય પરંતુ નિયંત્રણમાં આવી શકે તેવો ડાયાબિટીસ, હાઈપરટેન્શન જેવો રોગ. આ રોગની સંપૂર્ણ સારવાર શક્ય નથી, છતાં વ્યક્તિ નોર્મલ જીવન જીવી શકે છે.

**સ : HIV/AIDS ના અર્થ શું છે ?**

જ : HIV એટલે H-Human મનુષ્ય (ઉપર આક્રમણ કરનારા), I-Immunodeficiency રોગ પ્રતિકારક શક્તિનો નાશ કરનારાં, V-Virus વિષાણુ.
AIDS એટલે A-Acquired એક વ્યક્તિ પાસે થી અન્ય વ્યક્તિએ મેળવેલો રોગ. (સંસર્ગજન્ય આ રોગ વારસાગત નથી), I-Immune શરીરની રોગ પ્રતિકારક શક્તિ, D-Deficiency રોગ પ્રતિકારક શક્તિનો અભાવ, S-Syndrome લક્ષણ સમૂહ, આરોગ્ય કથળવું.

**સ : HIV / AIDS નો ચેપ કઈ રીતે, કયા માધ્યમથી ફેલાય છે ?**

જ : આ રોગના વિષાણું (Virus) રોગીનાં રક્ત, વીર્ય તથા યોનિ સ્ત્રાવ દ્વારા નિરોગી વ્યક્તિના રક્ત સાથે ભળવાથી નિરોગી વ્યક્તિને એઈડ્સ વિષાણુનો સંસર્ગ (ચેપ) લાગે છે. પછી એ નવી સંસર્ગગ્રસ્ત વ્યક્તિને ગમે ત્યારે એઈડ્સની બીમારીનાં લક્ષણો પ્રગટ થાય છે. આ રોગ લૈંગિક

સ્વેચ્છાચાર, સમલિંગી સંબંધો, વેશ્યાગમન, નશાકારક પદાર્થો સામૂહિક ઈંજેકશનની સોય થી લેવાની આદતવાળા, સંસર્ગજન્ય માતા થી ઉદરમાં પાંગરતા બાળકમાં ફેલાય છે.

**સ : HIV / AIDS ના વિષાણુ શરીરમાં કેવી ઉથલપાથલ મચાવે છે ?**

જ : સંસર્ગજન્ય આ રોગના વિષાણુ લોહી, વીર્ય તથા શરીરના સ્ત્રાવ (લાળ, આંસુ, પરસેવો નહીં) દ્વારા એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આ સૂક્ષ્મ અને કમજોર વિષાણુ (શરીરની બહાર ન જીવી શકતા) શરીરમાં પ્રવેશ કર્યા પછી તે લોહી સાથે આખા શરીરમાં પ્રવાસ કરે છે. આપણા શરીરમાં રોગ સામે લડવાની શક્તિ છે. શરીરમાં બહારનું કોઈ દુષ્ટ તત્વ પ્રવેશે એટલે દુશ્મનોને હાંકી કાઢવા માટે લોહીમાં રહેલા શ્વેતકણો લડવૈયા બનીને લડે છે. દુશ્મનોને હરાવે છે અને આપણું સ્વાસ્થ્ય જાળવી રાખે છે. એ આપણી કુદરતી શક્તિ છે. એઈડ્સનાં વિષાણુ (HIV) નિરોગી વ્યક્તિના શરીરમાં પ્રવેશીને લોહીના સફેદ કણો પર હુમલો કરે છે. તેને લીધે દર્દીની રોગ પ્રતિકાર શક્તિ ધીમે ધીમે કથળવા લાગે છે અને શારિરીક સ્થિતિ ઘણી વિકટ બની જાય છે. બીજા રોગના વિષાણુઓ પણ શરીરમાં સહેલાઈથી પ્રવેશી જાય છે અને અન્ય બિમારીઓ પણ લાગુ પાડે છે.

**સ : શું આ રોગ માટે લૈંગિક સંબંધો જવાબદાર છે ?**

જ : ફક્ત એવું નથી. ૯૦ ટકા રોગ અલગ અલગ રીતે બંધાતા લૈંગિક સંબંધો દ્વારા થાય છે જ્યારે બાકીના દર્દીને બહારથી એટલે કે કોઈ ઓપરેશન દરમ્યાન સંસર્ગજન્ય સોય દ્વારા લોહી ચડાવાયું હોય તથા અન્ય રીતે.

**સ : આ માટે યુવક, યુવતી, સ્ત્રી, પુરુષની પોતાની શું ફરજ છે ?**

જ : લગ્નજીવનમાં એક પતિ, એક પત્નીના જે સંસ્કાર ઘડયા છે તેનું ચુસ્તપણે પાલન કરવું રહયું. પરાયા સંબંધોનો આ ખતરનાક ખેલ છે. કુતૂહલ, જિજ્ઞાસા અને જોશ પુક્ત વયના યુવક,યુવતીઓને બહેકાવે છે. લગ્ન પહેલા જ સંભોગમાં રાચતા થઈ જાય છે. આવી કોઈપણ પ્રકારની દુષ્ટ ચેષ્ટા અંધારી ગર્તામાં ધકેલી દે છે. પોતાના પાર્ટનરને વફાદાર રહેવું એ સર્વની નૈતિક ફરજ છે.

**સ : રોગના નિવારણ માટે શું કાળજી રાખવી જોઈએ ?**

જ : HIV / AIDS ના દર્દીએ નિયમિત દવા લેવી જોઈએ, આત્મનિરીક્ષણ કરવું જોઈએ સમયાનુસાર ચેકીંગ કરાવતાં રહેવું જોઈએ. સેક્સ માટેની દુષ્ટ ચેષ્ટાઓ, આદતો ને તિલાંજલિ આપી દેવી જોઈએ.

ઉપર્યુક્ત બધા ઉપચાર કરતાં આ રોગ આવે જ નહીં તેવી હરકતો જ રોગની ચાવી છે. Prevention is better than cure.

**સ : HIV / AIDS ના દર્દી પ્રત્યે કુટુંબ તથા સમાજની શું ફરજ છે ?**

જ : બિમારી ના અજગર ભરડામાં સપડાયેલો દર્દી માનસિક રીતે હતાશ, નિરાશ થઈ જાય છે. પોતાની જાતને કોસતો હોય છે. આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. આવી દુર્દશામાં કુટુંબ અને સમાજે મોઢું ન ફેરવી લેતા તેની પડખે ઉભા રહેવું જોઈએ. આપણે જોયું તેમ સેક્સ સિવાય ઘણા કારણો દ્વારા આ રોગ પગપેસારો કરી દે છે અને એટલે જ સજ્જનતા પર દુર્જનના ડાઘ લગાડતો આ રોગ કારણો શોધવા કરતાં દર્દીનું બાકીનું જીવન સુખેથી ધબકે તે માટે શ્રેષ્ઠ સહારો પૂરો પાડવો જોઈએ.

આત્મવિશ્વાસ મનુષ્યને પર્વતની ટોચ પર પહોંચાડી દે છે. એટલે જ જાગ્રત સમાજ દ્વારા આવા હઠીલા, અસાધ્ય રોગ માટે સમાજ-જાગૃતિના કાર્યક્રમો યોજવા જોઈએ. લોકોને સાચી માહિતી, જ્ઞાન ઉપલબ્ધ થાય તેવા કાળજી ભર્યા કાર્યક્રમો યોજી રોગ સામે સતર્ક, સાવધ રહેવા સમજણ આપવી જોઈએ.

**સ : HIV / AIDS ના દર્દી તથા તેના કુટુંબીજનોમાં નવી આશા નું કિરણ જગાડતા મારા મિત્ર ડૉ. ગિરીશ ત્રિવેદી શું કહે છે ?**

જ : AIDS Combat International ના સ્થાપક ડૉ. ગિરીશ ત્રિવેદી (M.: 9821081138 / 9870081138) કહે છે એસીઆઈએ એઈડ્સ વિશેની લોકજાગૃતી અને એઈડ્સગ્રસ્તોની સુશ્રુષા પરત્વે કટિબધ્ધ સંસ્થા છે. પોતાના કાર્ય તેને સામાજીક ફરજ ગણાવતા ડૉ. ગિરીશ ત્રિવેદી કહે છે સંસ્થાના યોગદાન ને વધારતા જવાનું છે. જેથી દરેક એઈડ્સગ્રસ્ત વ્યક્તિ સમાજમાં સન્માનપૂર્વક જીવન માણી શકે.

૧૯૯૯માં સ્થપાયેલી સંસ્થા એસીઆઈ HIV / AIDS વિશે જાગૃતિ પ્રસરાવવાનું કાર્ય તો કરે જ છે. સાથે જ એ મુંબઈના પશ્ચિમ પરામાં રહેતા એઈડ્સના સ્ત્રી અને બાળ દર્દીઓને દવાનો નિયમિત પુરવઠો નિઃશુલ્ક પૂરો પાડે છે. દર્દીઓને તેમના જ ઘરે સારવાર મળે તેની વ્યવસ્થા કરે છે. HIV ગ્રસ્ત બાળકોને શૈક્ષણિક સહાય પણ પૂરી પાડે છે. ઉપરાંત એચઆઈવી પોઝિટીવ વિધવાઓની સુશ્રુષા અને તેવી માતાઓનાં બાળકોને વંશ-પરંપરાગત એઈડ્સના થાય તે માટેનાં પ્રતિકારક પગલાં લેવામાં પણ એસીઆઈ મદદરૂપ થાય છે. આ બધા ઉપરાંત સમાજના દરેક વર્ગને સ્પર્શે તેવા એચઆઈવી અને એઈડ્સ વિશેના જાગૃતિ કાર્યક્રમો તો સંસ્થા નિયમિતરૂપે યોજે છે જ.

સ : **HIV** ગ્રસ્ત ગર્ભવતી મહિલા માટે ખુશખબર આપતાં ડૉ. ગિરીશ ત્રિવેદી શું સમજાવે છે ?

જ : HIV તેમજ ચક્ષુદાન, ત્વચાદાન માટે અનન્ય યોગદાન આપતા આ સેવાભાવી ડોક્ટર કહે છે. MTCT (Mother to Child transmission) prevention programme દ્વારા નીચે મુજબના સરળ ચાર ઉપાય દ્વારા ગર્ભસ્થ બાળકને બચાવી શકાય છે.

(૧) સંસર્ગજન્ય ગર્ભવતી મહિલાએ ગર્ભાવસ્થાના ૩ જે મહિનેથી HIV ના વિષાણુ સામે રક્ષણ આપતી દવા લેવી જોઈએ.

(૨) આવી મહિલાને નોર્મલ ડિલીવરી ન કરાવતા સીઝેરીયન ઓપરેશન દ્વારા બાળકને જન્મ આપવો.

(૩) બાળકને માતાનું દૂધ ન પીવડાવવુ.

(૪) બાળકના જન્મ પછી તેને છ અઠવાડીયા સુધી HIV સામેના રક્ષણાત્મક સીરપ આપવું.

આવા સચોટ ઉપાય દ્વારા ૯૭ ટકા બાળકોને પોતાની માતાથી મળનારા HIV રોગથી બચાવી શકાય છે.

આવો, જાગૃત નાગરિક તરીકે આપણે સૌ HIV / AIDS ના દર્દીને મદદરૂપ બનીએ, તેઓનું જીવન ઉજાગર કરીએ.

*****

## જ્યોતિ પુંજ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા. ૨૧.૩.૨૦૧૫ (સહી) : નિખિલ બી. પરીખ**

**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

# મેચ્યોરિટી-પરિપકવતા

✍ શૈલેષ કે. દેસાઈ

ગણિતમાં ભલે સો માંથી સો માર્કર્સ આવે પણ જીવનની સ્લેટ પર કેટલા સો એ વીસ થાય છે તેનો હિસાબ ગણતા મોટા ભાગે લોકોને આવડતું નથી. બચાવ કર્તા તેઓ કહે છે કે કામમાંથી ફુરસદ જ ક્યાં મળે છે ? આવી આળશનું પરિણામ એ કે લાંબે ગાળે વ્યવહારમાં તેઓ અવિક્સિત રહી જાય છે. જ્યાં સુધી મા-બાપ દીકરાઓને ઘડપણની ફક્ત લાકડી જ સમજતા હોય ત્યાં સુધી એ લાકડી લાઠી બની શકશે નહીં. એમને સંસારનો બહોળો અનુભવ નહી મળે ત્યાં સુધી તેઓ સંસારના વ્યવહારમાં તેઓને કુશળતા પ્રાપ્ત થતી નથી. જીવનમાં કપરાં ચઢાણની ક્ષમતા ત્યારે જ આવી શકે જ્યારે તેઓ એકલા હાથે ઝઝુમવાની કોશિશ કરે. બહુધા ઘરોમાં આ સત્તા વડિલોના હાથમાં જ હોય છે. નવી યુવા પેઢીને દુનિયાદારીના અનુભવો થતા નથી. વાંસમાં (અનુભવોના) છેદ પડે તો જ તે વાંસળી બની શકે છે. વડીલો એવું જ કહેતા હોય છે કે તમે હજુ નાના છો, આ કામમાં તમને સમજ ન પડે, દીકરો કમાતો થઈ ગયો એટલે મા-બાપ સમજે કે તે પગભર થઈ ગયો પણ તે પગભર નહીં 'પગારભર' થાય છે. જલદી સત્તા ન આપતા તેઓ માને છે કે હજી તેનામાં મેચ્યોરિટી આવી નથી. ઘરનો વેરો, લાઈટ બિલ, ગેસબિલ, ટેલીફોન બિલ કે પછી ઈસ્ત્રીના બિલ, સોસાઈટીને B.M.C.ના વેરા વિષે કોઈ જાણકારી હોતી નથી. સંતાન આશ્રતિ કુટુંબ વ્યવસ્થાને કારણે સંતાનો પ્રગતિ ઠીક રીતે થઈ શકતી નથી. અમેરીકામાં બહુ નાની ઉંમરથી દીકરો મા-બાપ થી અલગ થઈ હોસ્ટેલમાં જતો રહે છે. ત્યાં સરકાર જ સગવડો પુરી પાડે છે, હોસ્ટેલમાં જ નાની મોટી જોબ કરી Adjustment કરી લેવું પડે છે. તો બીજી બાજુ વૃધ્ધોને પણ બેકારી ભથ્થું આપે છે. આમ ઉછેર દરમ્યાન જવાબદારીનું ભાન થાય છે. આપણે ત્યાં છોકરો અલગ રહેવાની માંગ કરે તો માને છે કે તે 'બૈરી નો થઈ ગયો'.

કોઈ વડીલ મને રસ્તામાં મળ્યા, ખબર અંતર પૂછ્યા ને જાણ્યા પછી પુછયું કે માણસમાં મેચ્યુરિટી ક્યારે આવે છે ?

વ્યક્તિ ક્યારે પરિપક્વ થાય તેના માટેની મારી સમજણ પ્રમાણે ઓછામાં નીચે વર્ણવેલા ચાર અનુભવોમાંથી પસાર થાય એટલે સારી એવી પરિપકવતા આવી એમ કહેવાય. તે વ્યક્તિનો રણકાર પણ કંઈક અલગ હોય છે. તેમાં પ્રથમ એકાદ મોટી માંદગી નિમિત્તે ખાસો નાણાંનો વ્યય થાય, દવાદારૂ પૈસા ખરચવા છતાં પ્રાપ્ત ન થાય, લાંબા સમય સુધી ઉંઘને ઉજાગરા કરવા પડે, રિપોર્ટો કઢાવવા ને ડોકટરના Appointment માં ભારે અથડામણ થાય, ઘરે આવતા મહેમાનો માટે આગતા સ્વાગતા કરવી પડે ત્યારે ખબર પડે કે કેટલું વીતે છે.

માંદગી દરમ્યાન ધીરજ, સહિષ્ણુતા, સહનશક્તિ કેળવવી પડે છે. બીજાની વ્યથા સમજવાની દ્રષ્ટિ ખુલે છે ને સ્વભાવમાં હમદર્દી કેળવાય છે. માણસ જરા સમજુ હોય તો વધારે સમજુ અને અનુકુલન સાધતો થઈ જાય છે ત્યારે તેને મેચ્યુરિટીના કંઈક સોપાન પાર કર્યા એમ કહેવાય. બીજુ, માણસ પોતાનું ઘર બનાવે કે ઘરમાં ફર્નિચરને રાચરચીલું સજાવે ત્યારે કેટલાક કડીયા મિસ્ત્રી ને અનેક જાતના કારીગરો સાથે ખડે પગે ઉભા રહી મજૂરી ચૂકવતા ચૂકવતા પણ ભાઈબાપ કરવું પડે છે. સોસાયટીના સેક્રેટરી સાથે કે B.M.C. માંથી પરમીશનો મેળવતા સ્વભાવમાં ઉગ્ર પણુ ચાલતું નથી, નવા પાડોશી સાથે તાલમેલ મેળવવા સ્વભાવમાં સરળતા જાળવવી પડે છે. ઘરની અનેક ઘરવકરી પૈસાની લિમિટમાં રહી વસાવવી પડે છે. મો માંગ્યા પૈસા આપવા છતા

આર્કીટેક્ટ પાસે પોતાની પસંદગીનું કામ કઢાવતા કઢાવતા જીભ અને મન પર સંયમ રાખતા શીખવું પડે છે.

ત્રીજી, એકાદ નાની મોટી બાબત માટે કોર્ટનો અનુભવ થવો જોઈએ. કોર્ટના કંમ્પાન્ડમાં કેટલા વકીલો પાછળ સમય અને પૈસા વેડફવા પડે છે. તારીખોની યાદી તેમાં પણ સમય સૂચકતા જાળવવી પડે છે. ત્યારે ખબર પડે છે કે ગુનાખોરીની દુનિયા કેટલી મોટી છે. આગળ પાછળના કિસ્સાઓ પણ જાણવા મળે છે. કોર્ટના પ્રાંગણમાં કેટલાક લુખ્ખાઓ ચાણક્ય બની જાય છે ને તમે જ જીતી જશો નો નશો ચઢાવી દે છે. દુશ્મનોની શક્તિ ઓછી અંકાય છે ને મનમાં પૈસા ગમે તેટલા જાય મારે તેને હરાવવો છે આવી જીદ વકીલો પકડાવી જાય છે. કોની સાથે કેવો વ્યવહાર કરવો ને ઓળખાણો ને લાગવગના મૂળીયા સુધી જવુ પડે છે. લાગવગ કેટલી કામ લાગે છે ત્યારે તેનું ગણિત જાણવા મળે છે કોર્ટની પોલીસ ચોકીની હવા જ ઘણા અધ્યાયો શીખવાડી જાય છે. ત્યારે બુદ્ધિયુક્ત પરિપકવતા ના પાઠ મળી જાય છે.

ચોથું, દીકરીની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ માબાપની ઉંઘ ઓછી થતી જાય છે. પરપુરુષ સાથે હાથ મિલાવે કે લાંબો સમય સુધી હસી હસીને વાતો કરતા અડપલા કરે ત્યારે મા-બાપના પેટમાં તેલ રેડાય છે. સાંજે સમય કરતા ઘરે મોડી આવે ત્યારે અનેક શંકા-કુશંકાથી મનમાં કાળા વાદળો છવાઈ જાય છે. દીકરીને પુછાતું નથી ને મનમાં કળ આવતી નથી. વિવાહથી માંડીને વળાવતા સુધી પ્રસંગે પ્રસંગે કેવા વ્યવહાર ને કેવો વિવેક દર્શાવવો પડે છે! ખર્ચના મર્યાદામાં રહી પ્રસંગો ઉજવતા, મિત્રો, વડિલો, સગા સંબંધીઓ સાથે તથા વેવાઈ પક્ષ સાથે તાલમેલ મેળવતા શીખવો પડે છે. અહીં સંબંધોને Balance કરતાં આવડી જાય છે. વ્યક્તિના દરેક કાર્યોનો આરંભ અને અંત એક સરખો કાળજીપૂર્વક કરવો તે વ્યક્તિ, વસ્તુ ને વખતના હાર્દને સમજતા સમજતા પરિપકવતા આવી જાય છે.

અનેક પ્રસંગો ભણેલા-અભણ, ગરીબને તવંગરના જીવનમાં આવે છે મે દરેક પોતાની સમજ-મેચ્યુરિટી પ્રમાણે પાર પાડી જાય તેને મેચ્યોર્ડ સમજ્યો. સમજદારીમાં ચુક થવાથી સંબંધોમાં તડ પડી જાય છે. એટલે ભણેલી વ્યક્તિજ શાણી કે શાણી વ્યક્તિ જ ભણેલી હોય છે તેવું નથી. શાણપણ ડહાપણ જે કહો તે જીવનમાં ભણતર કરતાં ગણતર વધારે ઉપયોગી છે. વ્યાપારિક કુશળતા ને વ્યવહારિક શુધ્ધિ કે સમજે વિકસે ત્યારે માણસ સંસારમાં ઠરીઠામ થાય છે.

સ્ત્રીનું સાચુ જીવન કે પરિપક્વતા ચાલીસ વર્ષે આવે છે. આ વર્ષો દરમ્યાન સ્ત્રી પોતાના ‘હુ’ને ઓળખવા પ્રયાસ કરે છે. પણ તેને વિકસાવવાનો અવકાશ નથી મળતો. પોતાનું ‘હુ’ને ક્યારેય કચડવા દેવો નહીં. તેનો વિકાસ વિકસાવા દેવો પડે છે. સ્ત્રી ૧ થી ૨૦ વર્ષ સુધી મા-બાપની છત્રછાયા હેઠળ મોટી થાય છે. ૨૦ થી ૪૦ વર્ષ પોતાના પતિ સાથે સાસરિયા સાથે તાલ મેળ મેળવતા ખર્ચાઈ જાય છે. વળી તે દરમ્યાન માતૃત્વ પ્રાપ્ત થતા તેની સારસંભાળને શિક્ષણની જવાબદારી આવી જાય છે આ બધામાં કુટુંબનું Budget ધ્યાનમાં રાખવું પડે છે. શાળા કોલેજના એડમિશનો ને સારા પરિણામો પ્રાપ્તી પાછળ અડધી જીંદગી પસાર થઈ જાય છે. કુટુંબના વિકાસ માટે સર્વ પ્રથમ પ્રેમનું સિંચન કરી હસતાં હસતાં પોતાના સ્વાર્થ સાથે બાંધછોડ કરવી પડે છે. "Let-Go" ની ભાવના પુરુષ કરતા સ્ત્રીએ વધારે કેળવવી પડે છે. બાળકો પર સંસ્કાર રેડવા તે બાળકો માટે મોટી ભેટ છે ને અનેક સારા ખરાબ અનુભવોમાંથી ચાલીસ વર્ષ પસાર કરતાં કરતાં પરિપકવતા આવી જાય છે. સાસરિયામાં પણ મેઘધનુષ્ય રંગો જોવા મળે છે. બાળકોની પાંખો વીકસી જાય છે ને ઉડી જાય છે પછી સ્ત્રીનું જીવન એકાંકી શરૂ થાય છે.

❖❖❖❖❖

## આને પરિવાર કહેવાય...

✍ ઉપેન કડકીયા 'બાલિશ'

કાનામાત્રા વિનાનો બે અક્ષરી શબ્દ. ઘર... જેની ગરિમાને સૂચવવા વ્યાખ્યા એટલે જ ધરતીનો છેડો ઘર... જે કેવળ શબ્દ નથી સમગ્ર માનવ જીવન એની સાથે સંકળાયેલું છે.

ઘર એટલે ટપાલી ટપાલ લાવે. મિત્રો, મહેમાનો આવે ને તમે જેનું સરનામું આપી શકો. જ્યાં પગરખાં ઉતારી શકો. માથેથી ટોપીનોભાર ઉતારી શકો. શરીર પરથી ખમીશ ઉતારી શકોત તેને કહેવાય ઘર? ના ઘરતો એને કહેવાય જ્યાં તમારો ભાર હળવો થાય, જ્યાં આપણને હાશ થાય ને આપણને જોઈ સર્વના મુખ મલકી ઉઠે તેને કહેવાય ઘર... તેને કહેવાય કુટુંબ... તેને કહેવાય પરિવાર... ફુલ એની સુગંધથી પરખાય તેમ કુટુંબ એની એકતાથી. કુટુંબના સૌ સભ્યોમાં અરસપરસ કેવો પ્રેમ છે તે મહત્વનું છે ઉપરથી બધા ભેગાં છે તન ભેગા પણ મન નોખાં આને કુટુંબ ના કહેવાય તે ખાસ ધ્યાન રાખશો. ખરું કહું તો બધા પોતાને સાચા ગણે છે. પોતાને સાબિત કરવામાંજ ઘરમાં અથડામણો શરૂ થઈ જાય છે ને આમેય એક એવું વાહન હોય જેમાં એક સાયકલનું, બીજું સ્કુટરનું, ત્રીજુ ખટારાનું ને ચોથું ટ્રેકટરનું વ્હીલ હોય તે વાહન કેવું ચાલે. અરે.. મેચિંગ કપડાં, મેચિંગ ઘડિયાળ, મેચિંગ બૂટ ચપ્પલ. બધુ મેચિંગ રાખો તો પછી મન મેચિંગ કેમ નથી રાખતાં. મન મેચિંગ રાખો પછી જુઓ... કહેવાય છે ન ધરા સુધી ન ગગન સુધી નહિ ઉન્નતી ન પતન સુધી અહીં આપણે તો જવું હતું ફક્ત એક મેકના મન સુધી. ચંદ્ર ઉપર પહોંચવાની વાત જવાદો. એકબીજાના મન સુધી પહોચો પછી જુઓ પરિવાર કેવો સુંદર બગીચો છે. સમગ્ર વિશ્વ એકબીજાનાં ગુરુત્વાકર્ષણથી જ ટકી રહયું છે. તમામ ગ્રહો ઉપગ્રહો એકબીજાના ગુરત્વાકર્ષણથી જ ટકી રહ્યાં છે. તેમ પરિવાર પણ એકબીજાનાં આકર્ષણથી જ અર્થાત હૃદયનાં તાણા-વાણા થી જ ટકી રહે છે. માનવી એક સામાજીક પ્રાણી છે સમાજ વિના એને ચાલતું નથી. અને સામાજીક સબંધો ફક્ત આપણને બીમારીથીજ રક્ષતા નથી.. પરંતુ તેનાથી માનસિક સંરક્ષણ પણ મળે છે. કુટુંબને સમાજમાંથી મળતાં બળ આશ્વાસન, હિંમત, પીઠબળ અને હુંફ આપણા જીવનને સારી રીતે પકાવી રાખે છે. પૈસો ખોરાકની ખાત્રી આપે ભૂખની નહીં, પૈસો સુંદર બેડરૂમની ખાત્રી આપે ઉંઘની નહીં, પૈસા દવાની ખાતરી આપે. તંદુરસ્તીની નહીં, પૈસા આશ્વાસન આપે સમાધાન નહીં. એક પરિવારજ આપણને ભૂખની, ઉંઘની, સુખની, તંદુરસ્તીની ખાતરી આપે છે. એટલું જ નહિં. સમાધાન પણ આપે છે. ટુંકમાં સુખ પૈસો નથી માંગતુ, મનની શાંતિ માંગે છે જે આપણને પરિવારમાંથી મળે છે જ્યાં આતિથ્ય પ્રેમ, વ્યવસ્થા, સમાધાન, સદાચાર, અને સંસ્કાર બધું જ વૃધ્ધિ પામે છે જેને કારણે ઘરનો વૈભવ, પ્રતિષ્ઠા, શોભા, સુખ અને સુવાસ વિસ્તાર પામે છે એજ પરિવાર કહેવાય.

✤✤✤✤✤

**શ્રી બા.ન. સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

## મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના આગામી વર્ષ ૨૦૧૫-૨૦૧૬નું વાર્ષિક લવાજમ તા. ૨૮-૪-૧૫ મંગળવારે બપોરે ૩ થી ૫ દરમ્યાન મંડળની ઓફિસમાં લેવામાં આવશે. ૧૦૦ રૂપિયા લવાજમ અને કાર્ડ આપ કોઈ પણ કમિટી મેમ્બરને પણ આપી શકશો.

**સંયોજક : અમી ધારીયા - ૯૯૬૯૧૧૪૦૮૩**

# જ્યોતિપુંજ નિયમાવલી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની બેઠકમાં સંઘના હોદ્દેદારો, હાજર માનદ્ સભ્યો, જ્યોતિપુંજના કમિટી મેમ્બરો તથા આમંત્રિતો સાથે નક્કી થયા મુજબ નીચે પ્રમાણે જ્યોતિપુંજની નિયમાવલી તૈયાર કરવામાં આવી છે.

જ્યોતિપુંજ એ બાલાસિનોર સમાજ દ્વારા શ્રી બાલાસિનોર નવયુવક સંઘની સોંપાયેલી સામાજીક જવાબદારી છે. આ ફક્ત શ્રી બાલાસિનોર નવયુવક સંઘનું નહીં પણ બાલાસિનોર સમાજનું મુખપત્ર છે. સંઘ પાસે જ્યોતિપુંજના બજેટ અંગેની મજબુરી છે. એટલે ખર્ચ બાબત મર્યાદા રહેવાની પરંતુ સમાજના દાતાઓ, કાર્યકર્તાઓ અને પ્રવૃત્તિઓને જ્યોતિપુંજમાં બિરદાવવા એ પણ એટલું જ અગત્યનું છે.

૧) બાલાસિનોરની વ્યક્તિની વેપારી પેઢીની, સંગીત સંધ્યા અથવા ધાર્મિક કાર્યક્રમ અથવા વ્યાખ્યાનમાળા તથા કોઈપણ જાહેરાત તેમજ બાલાસિનોર ખાતે મકાન લેવું કે વેચવું તેની જાહેરાતના દર રેગ્યુલર નક્કી કરેલ ભાવ પ્રમાણે લેવા. આવી બધી વિગતો તમારા લેટરહેડ પર લખી સહી કરી ને જ મોકલવી.

૨) વાર્ષિક જાહેરાતોનું લીસ્ટ નક્કી કરી માર્ચ મહિનાના અંત પહેલા રૂપિયા જમા કરાવવા, છુટક જાહેરાતોના રૂપિયા જાહેર ખબર સાથે જ લઈ લેવા અને ત્યારબાદ જાહેર ખબર છાપવી. જાહેરખબર છાપવી કે ન છાપવી તે બાબત હોદેદારોને આધીન રહેશે.

૩) તંત્રી લેખ ઉપરાંત બાલાસિનોરના લેખકો, કવિઓની કૃતિઓ છાપવી જેથી તેઓને પ્રોત્સાહન મળે, દરેક અંકમાં પાનાની મર્યાદા રાખવી.

૪) વિવાદાસ્પદ લેખો તેમજ તેવી માહિતી જ્યોતિપુંજમાં છાપવી કે ન છાપવી તે તંત્રી મંડળને આધિન રહેશે, જરૂર જણાતાં હોદેદારોનો સંપર્ક કરવો.

૫) નેશનલ કે ઈન્ટરનેશનલ લેવલ ઉપર વ્યક્તિ કે ઉદ્યોગ ક્ષેત્ર કે બીજા કોઈ ક્ષેત્રે ઉપલબ્ધી પ્રાપ્ત કરી હોય તેની વિગત જ્યોતિપુંજ દ્વારા સમાજ સમક્ષ રજૂ કરવી.

૬) ચક્ષુદાન, ત્વચાદાન, દેહદાન પ્રવૃતિની પ્રેરણા મળે તે માટે આવા ઉમદા દાન કરનારનો ફોટો પાસપોર્ટ સાઈઝનો છાપવો.

૭) (૧) નવયુવક સંઘની જાહેર પ્રવૃત્તિઓના દાતાઓ અને જાહેર સમારંભના ફોટા છાપવા. (એક કાર્યક્રમના વધુમાં વધુ બે)
(૨) અન્ય સંસ્થા દ્વારા યોજાયેલ ફક્ત જાહેર સમારંભનો , દાતાઓનો ગ્રુપમાં ફોટો લેવો.

૮) પ્રકીર્ણ વિભાગ, શુભ લગ્ન, મૃત્યુ નોંધ, તેજસ્વી તારલાની વિગતો છાપવી. શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નવા બનનાર આજીવન સભ્યની નામાવલી છાપવી.

૯) કોઈપણ સંસ્થા પાસે રૂપિયા લઈને સંસ્થાકીય સમાચારો ન છાપવા. પરંતુ દરેક સંસ્થાના સામાજીક કાર્યને યોગ્ય પ્રસિદ્ધી મળે અને દાતાઓને યોગ્ય કવરેજ (ફોટોગ્રાફ નહીં) મળે એનું ધ્યાન રાખવું, કારણકે બાલાસિનોર સમાજનું આ એક માત્ર પ્રસાર માધ્યમ છે.

૧૦) અન્ય સંસ્થાઓને સમાચારો ટૂંકમાં આપવા વિનંતી કરવી. વાર્ષિક સામાન્ય સભાની વિગતો ટૂંકમા છાપવી. એજન્ડા વગેરે ન છાપવા અને વાર્ષિક સામાન્ય સભામાં લેવાયેલા નિર્ણયો ટૂંકમાં છાપવા. અન્ય જાહેર સમારંભોના અથવા દાતાઓના સન્માન સમારંભોનો અહેવાલ ટુંકમાં છાપવો. એક થી વધુ વખત છપાતી

વિગત બીજા અંકમાં સંક્ષીપ્તમાં આપવી. કોઈપણ સંસ્થાએ પોતાની આખી કમીટીની નામાવલી ન આપવી. (ઈલેકશન ન થયું હોય તો) નવા ચુંટાયેલા સભ્યો તથા ઓફિસ બેરરની નામાવલી આપવી. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા અન્ય સંસ્થાઓએ એ ધ્યાન રાખવાનું રહેશે કે જ્યોતિપુંજમાં છાપવા માટેની વિગતો મહિનાની આખર (છેલ્લી) તારીખ સુધી મોકલી આપવાની રહેશે. પ્રેસમાં મોકલાવેલી વિગત અથવા ઈ-મેઈલ માન્ય રાખવામાં નહીં આવે.

૧૧) અન્ય સંસ્થાના સમાચારો સંસ્થાના પ્રમુખ, મંત્રીની સહીં કરાવીને આપવા. સહીં વગરની વિગત છાપવામાં ન લેવી.

૧૨) શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સમાચારો, વિગતો મંત્રી તથા કન્વીનરની સહીં કરાવી મોકલવા.

૧૩) જયોતિપુંજ એ આખા બાલાસિનોર સમાજને જોડતું મુખપત્ર છે એટલે સમાજના હિતનેધ્યાનમાં રાખીને પાછલા અનુભવોના આધારે તંત્રી તથા હોદ્દેદારો કાર્ય કરે છે. ક્યારેક સંજોગોવશાત નિયમોની બહાર પણ જવું પડે છે. પરંતુ એ બાબત ક્યારેક જ બને એનું ધ્યાન રાખવામાં આવે છે. એટલે આવી કોઈપણ બાબતની જાહેર માં ચર્ચા કરતા પહેલા તંત્રી કે હોદેદારો પાસે એ સંજોગોની યોગ્ય માહિતી જાણી લેવા દરેક સભ્યોને વિનંતી.

૧૪) શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સમાચારો છાપવા જ પરંતુ દરેક સંયોજકે વિગત ચોકસાઈ કરીને ટુંકમાં આપવી અને બીન જરૂરી વિગત ન અપાય તેનું ધ્યાન રાખવું.

❖❖❖❖❖

# SHREE BALASINOR NAVYUVAK SANGH

# LALKHA TROPHY 2014-15

The Lalkha trophy 2014-15 was played in Balasinor from 05th-08th feb 2015 under the captainship of Nirav Desai.

The first match was played on 05th Feb against the College Team in which the college team won the toss & decided to bat first

Man Of The Match : Nirav Desai.

Series read as 1-0.

The second match was played on 06TH Feb against the Sarvodaya Team.

The Sarvodaya Team.won the toss & decided to bat first.

Man Of The Match : Shiten Kadakia

Series read as 2-0.

The third match was played on 07th Feb against Babi Team.

Once again our luck with the toss did not work & Babi Team decided to make use of the pitch first.

Series read as 2-1.

The fourth & final match was played on 08th Feb against Patel Team.

Finally luck smiled on Bns Team to win the toss and they decided to bat first

Man Of The Match : Vishal Jariwala

Series read as 3-1.

With this we won the series 3-1 for seventh year in running.

Congratulation to the captain Nirav Desai & his team for their hard earned series win. Special thanks to our Manager Shri Sanjeev Dharia for he has been incorporating the habit of winning in the team. He has helped in making the players realize their true potential and value to the team.

Notable Performances Of The Series

| | | | |
|---|---|---|---|
| (1) Chirag Nitin Desai | - | 115 runs in four matches | - Best Batsman Of The Series. |
| (2) Sahil Desai | - | 99 runs & 4 wkts in four matches | - Man Of The Series. |
| (3) Dharav Parikh | - | 87 runs & 6 wkts in four matches. | |
| (4) Nirav Desai | - | 11 wickets in four matches. | - Best Bowler Of The Series. |
| (5) Jigar Parikh | - | 8 wickets in four matches. | |

Organizing this kind of series, taking are of the needs of each & every individual, whether he is a player or a spectator, requires a lot of planning & hard work.

Here the efforts put in by our committee member Shri Jigar Kadakia is extremely commendable. Right from making the pitch as well as ground ready to play, tents for players as well as spectators, food for everyone, each & every minute things were taken care of by him.

A special thanks to Shri Jigar Kadakia on behalf of the committee and players, as everyone realized his efforts were spectacular.

We also thank Shri Mayur Patel & Shri Bhavesh Patel, who have been helping in preparing the ground &

other facilities.

**List Of Sponsors:**

Balasinor Nagar Palika --- for helping in making the ground and bearing the expenses. We should thank Shri Jigar Kadakia for he has been approaching the Corporation & getting us this fund every year.

On behalf of my committee, hereby thank Shri Dilip Bhai Lalkha for he sponsored us RS 12000 for a new cricket matting on which we played the series & for awarding a cash prize of RS 5000 to the team players for winning the series.

Firstly thanking Shri Alpesh Dharia & Shri Sanjeev Dharia for giving a farewell party to the team before leaving for the series.

As has been since last few years, our sponsorship for team clothes continues with Shri Samir Rameshchandra Desai for which we are thankful to him.

We are also thankful to the Balasinor Nagar Palika for their support in making the ground ready from scratch and also for bearing the expenses required. They have really been very helpful as we have seen that the players have appreciated how well the ground has been prepared to help avoid injuries while fielding.

Lastly lot of cash prizes for individual performances of players, were announced by Shri Parimal Shah, Shri Suketu Parikh, Shri Samir Desai, Shri Mitesh Dharia, Shri Vishal Jariwala, Shri Ripal Parikh, Shri Jigar Kadakia, Shri Manoj Parikh, Shri Chirag Parikh, Shri Bhavin Mehta, Shri Sahil Desai & Shri Sanil Desai.

We thank them for boosting the confidence & spirit of players with their kind gesture.

Special thanks to Shri Sanjeev Dharia, Shri Chirag Parikh, Shri Nirav Desai, Shri Vishal Jariwala, Shri Samir Desai, Shri Shiten Kadakia & Shri Suketu Parikh for giving a winning party to the team.

Thanks to Nilpesh Modi for scoring in all the 4 matches.

Special thanks to Chirag Modi for being a helping hand and supporting the committee for all the work during the series.

We also appreciate the support which the team is getting from the spectators & well wishers who have been travelling with the team every year and cheering them on the ground. We really thank them for sparing their precious time and coming all the way to Balasinor. We just wish that you will continue doing so year after year.

Also thanking the below guests who were felicitated with bouquet for their visit during matches :

(1) Balasinor Vidya Mandal Vice President Shri Manikant Chotalal Kadakia, Treasurer Shri Manubhai C Chawalal, Secretary Dr Nagin Bhai Shah & Respected Principal of college Shri Machi Sir.

(2) Ex Mla Shri Rajesh Pathak, Balasinor Nagar Palika Chief Officer Shri Nitin Bhai Sevak, Shri Pintoo Bhai Shah.

(3) Committee Members of Chalo Balasinor Team Shri Priyakant Bhai Desai, Shri Mayank(tinu Bhai) Choksi, Shri Kaushik Bhai Choksi, Shri Gopal Bhai Shah, Shri Dilip Bhai Soni, Shri Dilip Bhai Dharia, Shri Kamlesh Patel, Shri Pankaj Shah, Shri Raju Bhai Dharia, Shri Vrajesh Shah.

Last but not the least my humble thanks to my entire committee because without their collective efforts we could organize this tour in a proper and planned manner.

**Secretary Bhavesh Modi** **Convenor – Chirag Parikh**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૪-૫-૧૫ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ -૪
**સમય** : સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ** : દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ** : ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી)** : ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)** : સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૪) **શ્રી કિરણ કાછીયા** : D-1, 606, કમલા પાર્ક, ૬૦ ફીટ આઈસીઆઈસી બેન્ક, ભાયંદર (વેસ્ટ)
મો. ૯૮૨૧૨૮૯૩૨૬ (ફક્ત રવિવારે)

**નોંધ** : ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૯-૪-૧૫ થી તા. ૧૭-૫-૧૫ સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ** : નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૭-૬-૨૦૧૫ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ** : ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય** : સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૨૬-૨-૧૫ના રોજ દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ તથા 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર' ના મકાનનું ખાતમુહૂર્તવિધિ સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા) તથા તેમના ધર્મપત્ની શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે પરમ પૂજ્ય જગતગુરૂ વૈષ્ણવાચાર્ય પંચમપીઠાધીશ્વર ગૌસ્વામીશ્રી વલ્લભાચાર્યજી મહારાજ, કામવન આર્શિવચન આપવા પધારેલા. મુખ્ય મહેમાન તરીકે શ્રી જયંતિલાલ ગોકલદાસ ગાંધી, આણંદ હાજર રહેલા.

'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર'ના નવા મકાન માટે નીચે મુજબનું આગળના અંકોમાં પ્રકાશિત થયા બાદ વધુ દાન નોંધાયેલ છે. સર્વ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી શશીકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાલા) | ૫૦,૦૦,૦૦૦/- |
| ૨ | શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) (વીંગના નામકરણ માટે) | ૨૫,૦૦,૦૦૦/- |
| ૩ | ગોકલદાસ ગાંધી પરિવાર તરફથી (વીંગના નામકરણ માટે | ૨૫,૦૦,૦૦૦/- |
| ૪ | શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીઆ હ. શ્રી દક્ષેશભાઈ, શ્રી દિક્ષિતભાઈ અને શ્રી નિમિષભાઈ (જનરલ વોર્ડ માટે) | ૧૦,૦૦,૦૦૦/- |
| ૫ | શ્રી રજનીકાંત મણીલાલ શાહ (નગરશેઠ) હ. સુકૃતીબેન અને નિશાબેન જયેશભાઈ શાહ - (કેસબારીના નામકરણ માટે) | ૧૦,૦૦,૦૦૦/- |
| ૬ | એક અનામી દાતા (અમેરિકાવાસી) | ૬,૩૫,૦૦૦/- |
| ૭ | સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. બાલાસિનોર (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૧૧,૧૧૧/- |
| ૮ | શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૯ | શ્રી નિશિથ રસિકલાલ ધારીઆ (દલાલ) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૦ | શકુંતલાબેન સુરેન્દ્રભાઈ ગાંધી હ. શ્રી અનીશ સુરેન્દ્ર ગાંધી (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૧ | શ્રી કૌશીકભાઈ શાંતિલાલ શાહ (ચોક્સી) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૨ | શ્રી મયંકકુમાર રજનીકાંત કડકીઆ (ચોક્સી) (સેમીડીલક્ષ રૂમના નામકરણ માટે) | ૫,૦૦,૦૦૦/- |
| ૧૩ | શ્રીમતી હેમાબેન વિનિતભાઈ મોદી (દેવ) તથા શ્રીમતી શીલ્પાબેન ઉર્વિશભાઈ મોદી (દેવ) | ૨,૫૦,૦૦૦/- |
| ૧૪ | શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ | ૨,૫૦,૦૦૦/- |
| ૧૫ | શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ | ૨,૫૦,૦૦૦/- |
| ૧૬ | શ્રી પરેશભાઈ રસિકલાલ પરીખ (દુધવાળા) | ૨,૫૦,૦૦૦/- |
| ૧૭ | શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ | ૨,૫૦,૦૦૦/- |
| ૧૮ | શ્રીમતી મીનાક્ષીબેન રાજેન્દ્રભાઈ દેસાઈ | ૨,૫૦,૦૦૦/- |
| ૧૯ | શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | ૨,૫૦,૦૦૦/- |
| ૨૦ | શ્રીમતી એલીન જયંત કડકીઆ (યુ.એસ.એ.) | ૨,૦૦,૦૦૦/- |
| ૨૧ | એક અનામી દાતા | ૨,૦૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૨ | શ્રીમતી કલ્પનાબેન અને કિરીટકુમાર કીરતનલાલ ધારીઆ (કેનેડા) | ૧,૪૫,૦૦૦/- |
| ૨૩ | શ્રી સુકેતુ એન. પરીખ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૪ | શ્રી જયેશ રસિકલાલ દેસાઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૫ | શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (અર્નેસ્ટ એન્ડ યંગ ફાઉન્ડેશન) | ૧,૦૦,૦૦૦/- |
| ૨૬ | શ્રીમતી સૂર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) તેમના પૌત્ર અશેષના લગ્ન પ્રસંગ નિમિત્તે | ૧,૦૦,૦૦૦/- |
| ૨૭ | શ્રી અરવિંદભાઈ ચીમનલાલ પરીખ (દુધવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૨૮ | શ્રી જીતુભાઈ કીરતનલાલ શાહ (વસનજી) (પુનાવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૨૯ | શ્રીમતી વિભાબેન પરેશભાઈ કચરાલાલ દોશી હ. કચરાલાલ દોશી | ૧,૦૦,૦૦૦/- |
| ૩૦ | શ્રીમતી સોનલ જતીન અમીચંદભાઈ શાહ હ. કચરાલાલ દોશી | ૧,૦૦,૦૦૦/- |
| ૩૧ | શ્રી શશીકાંત ચીમનલાલ ધારીઆ (દલાલ) | ૧,૦૦,૦૦૦/- |
| ૩૨ | એક અનામી દાતા | ૧,૦૦,૦૦૦/- |
| ૩૩ | શ્રી બીપીન વઝરાની હ. તારો વઝરાની | ૧,૦૦,૦૦૦/- |
| ૩૪ | શ્રી ચંદ્રકાંત રમણલાલ મોદી | ૩૧,૦૦૦/- |
| ૩૫ | એક અનામી દાતા | ૨૫,૦૦૦/- |
| ૩૬ | સ્વ. કાંતિલાલ જેઠાલાલ ધારીઆ (સુંદરસાડીવાળા)<br>હ. ડૉ. સુમિત શૈલેષ ધારીઆ (યુ.એસ.એ.) સુપર ડીલક્ષરૂમના નામકરણ માટે | ૭,૦૦,૦૦૦/- |

આ હોસ્પિટલના નિર્માણનો ખર્ચ અંદાજે રૂપિયા ૬ (છ) કરોડ છે. ઠાકોરજીની અસીમ કૃપાથી ૫૦ ટકા ફાળો નોંધાયેલ છે. બાકીના ફાળા માટે ઉદારદિલ દાતાશ્રીઓને ફાળો નોંધાવવા વિનંતી છે.

**નોંધઃ રૂપિયા એક લાખ કે તેથી વધુ દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે.**

બાકી રહેલ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે.

| | | |
|---|---|---|
| ૧ | આઈ.સી.યુ.ના નામકરણ માટે | ૫૦,૦૦,૦૦૦/- |
| ૨ | વીંગ-૪ (ચાર) ના નામકરણ માટે (રૂા. ૨૫, લાખ લેખે) | ૧૦૦,૦૦,૦૦૦/- |
| ૩ | મેડીકલ સ્ટોરના નામકરણ માટે | ૨૫,૦૦,૦૦૦/- |
| ૪ | લીફ્ટ-૨ (બે) ના નામકરણ માટે (રૂા. ૨૦ લાખ લેખે) | ૪૦,૦૦,૦૦૦/- |
| ૫ | સુપરડીલક્ષ રૂમ-૯(નવ)ના નામકરણ માટે (રૂા. ૭ લાખ લેખે) | ૬૩,૦૦,૦૦૦/- |
| ૬ | સેમીડીલક્ષ રૂમ -૮ (આઠ)ના નામકરણ માટે (રૂા. ૫ લાખ લેખે) | ૪૦,૦૦,૦૦૦/- |

**માહે. ડીસેમ્બર ૧૪ તથા જાન્યુઆરી ૧૫ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | સર્જીકલ ઓપરેશનો | ૭૨ | ૨) | ગાયનેક ઓપરેશનો | ૧૩૨ |
| ૩) | ઈ.એન.ટી.ઓપરેશનો | ૩૪ | ૪) | ઓર્થો ઓપરેશનો | ૫૮ |
| ૫) | નેત્ર ઓપરેશનો | ૨૨૮ | ૬) | ઓપીડી દર્દીઓ | ૧૫૪૪૦ |
| ૭) | ઈન્ડોર દર્દીઓ | ૧૦૧૪ | | | |

**માનદ્ મંત્રીશ્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## ૬૨મી વાર્ષિક સામાન્ય સભા

મંડળની ૬૨મી વાર્ષિક સભા, તા. ૫-૨-૧૫ના દિને સાંજે ૭ કલાકે, સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ - કલકત્તાવાળા સભાખંડમાં મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈના અધ્યક્ષપદે મળી હતી.

બાલમંદિર નાસ્તા ફંડ-તિથિ માટે રૂા. ૭,૦૦૦/- નાં દાન સ્વીકારવા સૌ સભ્યોને અપીલ કરવામાં આવી.

**બાકી દાન માટે નીચેની વિગત રજૂ થઈ:**

૧) ઓ.જે.દેસાઈ પ્રા. શાળાના બીજા માળે બે વીંગ પ્રત્યેકના રૂા. ૫,૦૦,૦૦૦/-
૨) આચાર્ય ખંડ રૂા. ૩,૫૦,૦૦૦/-
૩) સ્ટોર રૂમ રૂા. ૩,૫૦,૦૦૦/-
૪) વર્ગખંડનું સાધનદાન રૂા. ૧,૫૦,૦૦૦/-

આપણા ઉદારદિલ-સખાવતી દાતાઓને અમારી આ ટહેલ પૂરી કરી આપવા વિનંતી.

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલની સ્થાપનાના પચાસ વર્ષની ઉજવણી અંગેની અને તે માટે થયેલ તૈયારીની વિગતો રજૂ કરવામાં આવી.

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની એક સભા ૨૩-૧-૧૫ના દિને સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ કલકત્તાવાળા સભાખંડમાં સાંજે ૬-૪૫ કલાકે મળી હતી. આ સભામાં ૬૨મી વાર્ષિક સભા તા. ૫-૨-૧૫ના રોજ બોલાવવા નક્કી થયું.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**હિતેશ રમેશચંદ્ર ધારીઆ (શહેરવાળા)** તરફથી તેમની પુત્રી શીખાના લગ્ન પ્રસંગે **રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)** નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

સમાજ વતી દાતાનો આભાર

પી.વી.વિદ્યાલયના પ્રાર્થના ખંડ માટે રૂપિયા પંદર લાખનું દાન, પ્રકાશ મંગલદાસ ધારીઆ માટલી તરફથી મળવાપાત્ર હોવાની જાહેરાત મંત્રી શ્રી જતીન દેસાઈએ આજની સભામાં કરી.

**નવા મળેલ દાનની જાહેરાત કરવામાં આવી.**

૧) કલાવતીબેન પૂનમચંદ દેસાઈ
હસ્તે : અજય પૂનમચંદ દેસાઈ રૂા. ૩,૫૦,૦૦૦/-
રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પૂરા.
૨) ઈચ્છાબેન બાપુલાલ સાકરલાલ
રૂા. ૧,૦૦,૦૦૦/- કડકિયા - રેણાવાળા એક લાખ
૩) કૌશિક કીર્તનલાલ મોદી (બોજવાળા)
રૂા. ૨૫,૦૦૦/- પચીસ હજાર - દીકરી ઈસિતાના લગ્ન પ્રસંગે મલ્ટી મીડિયા T.V. માટે.

**દાતાઓનો હાર્દિક આભાર**

**મંત્રીઓ : જતીન દેસાઈ, નીતીન દેસાઈ**

# શ્રી ગોકુલનાથજી મંદિર

ભાવિક વૈષ્ણવો

મદાની શેરીમા આપણા શ્રી ગોકુલનાથજી મંદિરનું બહારગામના વૈષ્ણવોની ઉતારાની સગવડ માટેનું વૈષ્ણવ સદન તૈયાર થઈ ગયું છે.

મંદિર સંચાલિત આ મકાનમા નીચેની સેવા હજી ઉપલબ્ધ છે. જે વૈષ્ણવોને ઈચ્છા હોય તેઓ શ્રી મણીકાંત કડકીયાની દુકાને તેમને મળી પુરી માહિતી મેળવી લે તથા આ અંગે મંદિરમાંથી પણ જાણકારી મેળવી શકાશે.

ત્રણ બ્લોક બાકી છે. ૨.૫ લાખ લેખે ૧ બ્લોકના દાતા આપ થઈ શકો છો. ૫ બ્લોક પૈકી ૪બ્લોકના ફર્નીચર માટે રૂા. ૫૦,૦૦૦ હજારની સેવા આપી આપ જોડાઈ શકો છો. તે સિવાય ૧૧,૦૦૦ આપનાર વૈષ્ણવોના નામની તકતી મકાન ઉપર જડવામાં આવશે.

**લી. શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ**

# એપ્રિલ ફૂલ બનાયા, તો ઉનકો ગુસ્સા આયા!!

સોળમી સદીમાં ફ્રાન્સના નવા વર્ષનો પ્રારંભ પહેલી એપ્રિલે થતો હતો. પોપ ગ્રેગરીએ ખિસ્તી કેલેન્ડરમાં પરિવર્તન કર્યું. તેમણે નવું કેલેન્ડર અમલમાં મૂક્યું. પરંતુ ખિસ્તી નવું વર્ષ જાન્યુઆરી પહેલી થી શરૂ થતું હતું. આમાં કેટલાક લોકો એવા હતા તેઓ આવી વાત સ્વીકારવા તૈયાર નહોતા. આથી તેમણે એપ્રિલ ૧ના રોજ પોતાનું નવું વર્ષ ઉજવવાનું ચાલુ રાખ્યું. તેથી અન્ય લોકો તેમની હાંસી ઉડાવવા લાગ્યા ને તેમને એપ્રિલ ફૂલ્સ કહેવા લાગ્યા. એ લોકો તેમને ફાલતું મુર્ખામી ભરેલા કામો સોંપવા લાગ્યા.

ત્યારથી પહેલી એપ્રિલ એટલે ‘એપ્રિલ ફૂલ્સ ડે’. આ દિવસે સમગ્ર વિશ્વના લોકો એક બીજાની મજાક, મસ્તી કરે છે. મિત્રો, કુટુંબીજનો, સગા-સબંધીઓ, પડોશીઓ સાથે બનાવટ ભર્યા કિમિયા રચે છે અને ખુશખુશાલ ચહેરે મશ્કરીઓ કરે છે. ખોટું બોલવું, ખોટા સમાચાર આપવા, ખોટા ધક્કા ખવડાવવા, આવી રમત સવાર થી રાત સુધી આખો દિવસ ચાલે છે. બીજાને એપ્રિલ ફૂલ બનાવવામાં ઘણો જ આનંદ મેળવે છે.

*****

# સ્વાઈન ફ્લૂ સામે સાવચેતી

ડૉકટરોની હોંશિયારી અને અગમચેતીને લીધે સ્વાઈન ફ્લૂના પેશન્ટસ્ (દર્દીઓ) હવે ઘરે જ સાજા થઈ જાય છે.

**દર્દીની સારવાર માટે શું કરવું ?**

(૧) તાવ, શરદી, ઉધરસ માટે આળસ ન કરતાં ડૉકટરની દવા લેવી, દિવસમાં ત્રણ વાર તાવ અચૂક માપવો.

(૨) હૂંફાળા પાણીમાં મીઠું નાખી દિવસમાં ચાર થી પાંચ વાર કોગળા કરવા.

(૩) પેશન્ટને અલગ રૂમમાં રાખવો. મોઢા પર માસ્ક પહેરી પોતાના રૂમમાં આરામ કરવો. રૂમની બહાર નીકળતા પહેલાં મોઢા પર માસ્ક પહેરવું.

(૪) ઘરના લોકોએ પણ મીઠાવાળા હૂંફાળા પાણીના કોગળા દિવસમાં ચાર થી પાંચ વાર કરવા, પેશન્ટ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર માસ્ક પહેરી ને કરવો.

(૫) મરચું, તળેલું, અથાણાં, પાપડ, ફાસ્ટફૂડ, મિઠાઈ, કોલ્ડડ્રીંક્સ, બહારના બધા જ પદાર્થો બંધ કરી દેવા, મીઠું નાખેલો બાફેલો ખોરાક લેવો. શાકભાજીના સૂપ, ફ્રુટસ્‌ના જ્યુસ પીવા, તુલસી, આદ, ફુદીનાનો રસ પીવો.

(૬) દર્દીના કપડાં, ચાદર, રૂમાલ રોજ બદલવાં, ધોઈને સ્વચ્છ રાખવા.

(૭) માર્કેટના કેમિકલ વાળા ફ્રુટસ્, શાકભાજી ઉકળતાં પાણીમાં બોળી, ધોઈ, સ્વચ્છ કરી પછી જ વાપરવા.

(૮) પેશન્ટ માટેના વાસણો ઉકળતાં પાણીમાં બોળી સ્વચ્છ કરી પછી જ તેમાં પીરસવું. હાથ ધોઈને પીરસવું. હાથ ધોઈને જમવું.

(૯) રેડિયેશન થી બચવા મોબાઈલ, લેપટોપ વગેરે સાવ ઓછા વાપરવા.

(૧૦) સ્વાઈન ફ્લૂ ની દવા ના પ્રિસ્ક્રીપ્શન ડૉકટર પાસે ટ્રીપ્લીકેટ અથવા ત્રણે ઓરીજનલ કોપીમાં લખાવવા. કારણ કેમિસ્ટો ગવર્મેન્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરતાં હોવાથી આ પ્રમાણે કરવું ફરજીયાત છે. ડૉકટરે લખી આપેલી દવાઓ નિયમિત લેવી. ઘરગથ્થુ કપુર તથા એલચીનો ભુક્કો સુંઘવો.

(૧૧) આટલી તકેદારી રાખતાં ઘરે જ સાજા થઈ જવાય છે. એક કરતાં વધારે રોગથી પીડાતા લોકોએ ડૉકટરની સલાહ મુજબ હોસ્પિટલમાં જ સારવાર લેવી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬ઠી બેઠક તા. ૩જી માર્ચ ૨૦૧૫ના રોજ મંગળવાર સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગ્રહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

જ્યોતીપુંજના તંત્રી શ્રી બંકીમ પરીખે નવા વર્ષ ૧લી એપ્રીલ ૨૦૧૫થી લાગુ થતા નવા નીતી નીયમોની વિસ્તરીત જાણકારી આપી તે ચર્ચા વિચારણા કર્યા બાદ પસાર કરવામાં આવી હતી.

શ્રી મનોજભાઈ, શ્રી અમરીશભાઈ કન્સેશનલ રેટ નોટ બુક યોજના અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી અજય દોશીએ જણાવ્યું હતું કે કન્સેશનલ રેટ નોટબુક તા. ૨૪-૫-૧૫ના રોજ થી વિવિધ સેંટરો પરથી ચાલુ થશે તથા રાહતનું વિતરણ તા. ૭-૬-૧૫ ના રોજ સંસ્થાની ઓફીસ ખાતે થશે.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહે આજ સુધીનો અહેવાલ રજુ કર્યો હતો.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટપ્રાઈસીસ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહે એમનો અહેવાલ તથા આવક જાવકનો હિસાબ રજુ કર્યો હતો.

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરી પ્રકાશનના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે તેમનો અહેવાલ રજુ કર્યો હતો અને જણાવ્યું હતું પહેલી ડમીનું પ્રુફ માર્કેટમા વિવિધ સેંટરો પર મુકાશે. કુલ ૩ નવી આજીવન સભ્ય અને ૭ લીવની અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ જણાવ્યું હતું કે એક અનામી દાતા છેલ્લા ૩ વર્ષથી રૂા. ૨૫,૦૦૦/- નું માતબર દાન આપે છે તેમણે આ વર્ષે પણ આપ્યું છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)**

✤✤✤✤✤

## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલા

- **Brindra Samir Gunvantlal Parikh (Junagadhwala)** has passed out IPCC (Group I & Group II) both groups in her first attempt scoring 65% seauring position in rank list of C.A.

- **Karan Shailesh Gandhi** has passed out C.A. - Group - I

સંસ્થા તરફથી તેઓને અભિનંદન

### શુભ લગ્ન

**પૂજા મહેશકુમાર શેઠ (બોરડીવાળા)**
**ધવલ જયેશકુમાર શાહ**

### અભિનંદન

ઓર્થોપેડીક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટના નિષ્ણાંત **ડૉ. રાજેશ પ્રવિણચંદ્ર ધારીઆ (જાલીવાલા)** ને મુંબઈના મેયર તરફથી રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. અત્રે તેઓ સૈફી તથા ભાટિયા હોસ્પિટલમાં સેવા આપી રહ્યાં છે.

સંસ્થા તરફથી તેઓને અભિનંદન.

### જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| નીના હરીશ પરીખ (ભગત) | ૬૩ |
| જયંતીલાલ પરષોતમદાસ દેસાઈ (પડાલવાળા) | ૯૦ |
| તારાબેન કીશનલાલ મોદી | ૯૫ |
| જસુમતી નવનીતલાલ ધારીયા | ૮૦ |
| રમેશચંદ્ર ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા) | ૭૫ |
| લીલીબેન નવનીતલાલ ધારીયા | ૮૭ |
| સચીન બાબુલાલ ગાંધી (પાકા) | ૫૫ |
| મનીષ રજનીકાંત ગાંધી (હરજીવન) | ૪૪ |
| કનુમતી રસીકલાલ ધારીયા (દલાલ) (કેનેડા) | ૭૮ |
| ગોપાલદાસ ગોકલદાસ પરીખ (સુબા) | ૮૬ |
| મુકેશ કિર્તનલાલ શેઠ (અત્તરવાળા) | ૫૯ |
| શકુંતલાબેન કીરીટકુમાર કડકીઆ (લટકારી) | ૭૦ |
| સુશીલાબેન હરીલાલ પરીખ | ૮૬ |
| મનીષ રજનીભાઈ ગાંધી (USA) | ૪૭ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**



**સ્વ. રૂપલબેન સુબોધચંદ્ર શાહ**
**અવસાન : તા. ૨૮.૧૧.૨૦૧૪**
**ઉંમર - ૫૧**
**ચક્ષુદાન** - કરેલ છે.



**સ્વ. હર્ષદરાય સી. પરીખ**
**અવસાન : તા. ૨૩.૧.૨૦૧૫**
**ઉંમર - ૭૪**
**ચક્ષુદાન - ત્વચાદાન** કરેલ છે.